સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં રાષ્ટ્રીય એકતા પર્વની ઉજવણી



વાપી : દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તેમજ ભારતની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મ જયંતિ નિમિત્તે વાપી મહાનગરપાલિકા દ્વારા રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા પર્વની ઉજવણી નિમિત્તે રન ફોર યુનિટીનું આયોજન કરાયું હતું. મંત્રી કનુભાઈ દેસાઈની સાથે જિલ્લાના પ્રભારી સચિવ રૈમ્યા મોહન, જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, વાપી મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી મનપાના કમિશનર એન.એફ.ચૌધરી, વાપી શહેર ભાજપ પ્રમુખ મનિષ દેસાઈ સહિત નગરજનો પણ ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વર્ષ 2047 સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્ર બનશે. વાપીના ચલા દમણ રોડ પર અજિતનગર પ્લે ગ્રાઉન્ડ ખાતે વાપી મહાનગરપાલિકા અને ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા આયોજિત સ્વદેશી મેળાની કનુભાઈએ મુલાકાત લીધી હતી. વાપીના તમામ 13 વોર્ડમાં વોર્ડ વાઇઝ નિર્ધારિત સ્થળોએ એલ.ઇ.ડી. સ્ક્રીન પર એકતા પરેડ વાપીવાસીઓ નિહાળી શકે તેવું આયોજન કરાયું હતું.

દમણમાં રાષ્ટ્રીય એકતાના શપથ સાથે વૃક્ષારોપણ કરાયું



દમણ : સંઘપ્રદેશ દમણમાં રાષ્ટ્રીય એકતા દિવસ અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતી નિમિત્તે દલવાડા સ્થિત અમન વિદ્યાનિકેતન સ્કૂલ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભારત ભારતી દમણ પ્રદેશના માર્ગદર્શક સિમ્પલબેન કાટેલા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ સરદાર પટેલના જીવન અને રાષ્ટ્રની એકતા-અખંડિતતા વક્તવ્યો તથા દેશભક્તિની કવિતાઓ રજૂ કરી હતી. આ પ્રસંગે સિમ્પલબેન કાટેલાએ ઉપસ્થિત તમામ લોકોને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા હતા. આ ઉપરાંત ભારત ભારતી અને ગંગા સમગ્રના સભ્યો દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ટુકવાડામાં PM કિસાન સન્માન નિધિ યોજનાનો કાર્યક્રમ યોજાયો



પારડી : કેન્દ્ર સરકારની 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના' અંતર્ગત આજે દેશભરના ખેડૂતોના ખાતામાં ૨૪મો હપ્તો જમા થયો છે. આ પ્રસંગે પારડી તાલુકાના ટુકવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન દ્વારા ડિજિટલ માધ્યમથી નાણાં જમા કરવાની પ્રક્રિયાનું લાઈવ પ્રસારણ ઉપસ્થિત ખેડૂતોએ મોટી સ્ક્રીન પર નિહાળ્યું હતું. આ પ્રસંગે TDO સંદિપ ભગોરા, જિ.પં. સભ્ય સોનલ પટેલ, તા.પં. સભ્ય પ્રિયા ડેનિશ પટેલ, તેજલ દિપેશ પટેલ, નાયબ મામલતદાર, રેખાબેન નિલેશ પટેલ, અરવિંદ પટેલ, ડુંગરી સરપંચ રવિન્દ્ર પટેલ, જીતુ આહિર, માજી તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશ પટેલ, કૃષ્ણકાંત દેસાઈ તેમજ ગ્રામ પંચાયતના સભ્યો જોડાયા હતા. સાથે ઉપસ્થિત ખેડૂત મિત્રો દક્ષેશ પટેલ, વિપુલ પટેલ, ભગુભાઈ હળપતિ, કનુભાઈ પટેલ અને ઈશ્વરભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.

દમણમાં 'રન ફોર યુનિટી'નું આયોજન



દમણ : લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે દમણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોટી દમણના લાઇટ હાઉસ બીચ ખાતે 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રશાસક પ્રફુલ પટેલે ઉપસ્થિત સૌને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના શપથ લેવડાવ્યા હતા. તેમણે લીલી ઝંડી આપી 'રન ફોર યુનિટી' ને પ્રસ્થાન કરાવ્યું હતું. આ દોડમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, જનપ્રતિનિધિઓ, સ્થાનિક નાગરિકો અને પ્રવાસીઓ સહિત સેંકડો લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દ્વારા સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણમાં અમૂલ્ય યોગદાનને યાદ કરી રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

સાપુતારામાં મહિલાની ફેક ઈન્સ્ટા. આઈ.ડી. બનાવી ફોટા વાયરલ કરનાર પકડાયો



સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા એક મહિલાની ફેક ઇન્સ્ટાગ્રામ આઈ.ડી.બનાવીને સોશિયલ મીડિયા પર બદનામ કરવાના ગુનાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ, ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરી તથા જનેશ્વર નલવાયાના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર જે.કે. બારીયા અને તેમની ટીમે ટેક્નિકલ સોર્સ અને ટેક્નિકલ એનાલિસિસની મદદથી આ અનડિટેક્ટ ગુનાને સફળતાપૂર્વક ડીટેક્ટ કર્યો છે. આ કેસમાં આરોપી દ્વારા ફરીયાદી બહેન તથા તેમના પિતાના ફોટા ઉપર અશોભનીય લખાણ લખીને ફેક ઇન્સ્ટાગ્રામ આઈ.ડી. પર પોસ્ટ કરવામાં આવ્યા હતા. જે બાબતે સાપુતારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસે ટેક્નિકલ ટીમના આધારે વર્કઆઉટ કરીને મહારાષ્ટ્ર રાજ્યના નાશિક જિલ્લાના ચાંદવડ ગામથી આરોપી મહેશ શિવાજી જાદવ (ઉ.વ. ૨૬, રહે. ગુજરાતીનગર, ચાંદવડ) ને ઝડપી પાડ્યો છે અને તેની પાસેથી ગુનામાં વપરાયેલો 5,000 રૂપિયાની કિંમતનો એક OPPO કંપનીનો મોબાઈલ ફોન જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

તહેવારી માહોલનો ફાયદો ઉઠાવીને બંધ મકાનોને નિશાન બનાવતી તસ્કર ગેંગ સક્રિય

દિવાળીમાં ફરવા જતાં પહેલાં સાવધાન

તસ્કરોથી બચવા સીસીટીવી, સાયરન સિસ્ટમ લગાવવા અને સોશિયલ મીડિયા પર ટ્રાવેલ પ્લાન શેર ન કરવા અપીલ

તસ્કરોથી ઘર બચાવવા વલસાડ પોલીસની ખાસ એડવાઇઝરી



વલસાડ : દિવાળીના તહેવારો નજીક આવતાં જ લોકો પરિવાર સાથે બહાર ફરવા જવાનું આયોજન કરવા લાગ્યા છે. લાંબા વેકેશન દરમિયાન ઘણા પરિવારો મકાન બંધ કરીને વતન કે પર્યટન સ્થળે જતા હોય છે. જોકે આ તહેવારી માહોલનો ફાયદો ઉઠાવીને બંધ મકાનોને નિશાન બનાવતી તસ્કર ગેંગ પણ સક્રિય થઈ જતી હોય છે. આવા સંજોગોમાં નાગરિકોની મિલકત સુરક્ષિત રહે અને ચોરીના બનાવો અટકાવી શકાય તે માટે વલસાડ જિલ્લા પોલીસે એક વિશેષ માર્ગદર્શિકા બહાર પાડી છે.

પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે બહાર જતાં પહેલાં ઘરની સલામતી સુનિશ્ચિત કરવી અનિવાર્ય છે. મકાનમાં આધુનિક સીસીટીવી કેમેરા અને સેન્ટ્રલ સિક્યુરિટી સાયરન સિસ્ટમ લગાવવી જોઈએ, જેથી કોઈપણ અજાણી હિલચાલ થાય તો તુરંત ચેતવણી મળી શકે. સોસાયટી કે એપાર્ટમેન્ટ્સમાં પૂરતી સંખ્યામાં સિક્યુરિટી ગાર્ડ તહેનાત કરવા અને શંકાસ્પદ વ્યક્તિઓની અવરજવર પર સતત નજર રાખવા પણ તાકીદ કરવામાં આવી છે.

સૌથી મહત્વની બાબત એ છે કે બહાર જવાનો પ્લાન અજાણ્યા કે રોજિંદા કામ અર્થે આવતા લોકો સમક્ષ શેર ન કરવો. ઘરમાં કામ કરતી કામવાળી, અખબાર કે દૂધ આપવા આવતા ફેરિયાઓને કેટલા દિવસ માટે બહાર જઈ રહ્યા છો તેની ચોક્કસ માહિતી આપવાનું ટાળવું જોઈએ. આવી માહિતી બહાર જવાથી તસ્કરોને બંધ મકાનની જાણ થઈ જતી હોય છે. પોલીસે નાગરિકોને સોશિયલ મીડિયા પર પણ રીઅલ-ટાઇમ ટ્રાવેલ અપડેટ્સ ન મૂકવા અને લાંબા સમય માટે જતી વખતે સ્થાનિક પોલીસ મથક તેમજ વિશ્વાસુ પાડોશીને જાણ કરીને જવાની સલાહ આપી છે, જેથી તહેવારોનો આનંદ કોઈ અપ્રિય ઘટના વગર માણી શકાય.

વલસાડ પોલીસની માર્ગદર્શિકા

- **સિક્યુરિટી અને સાયરન સિસ્ટમ:** ઘરમાં સીસીટીવી કેમેરા ઉપરાંત ચોરીના પ્રયાસ વખતે એલર્ટ આપતી સાયરન સિસ્ટમ લગાવો.
- **સોસાયટીમાં વોચમેન :** સોસાયટી કે એપાર્ટમેન્ટમાં સિક્યુરિટી ગાર્ડ રાખવો અને શંકાસ્પદ લોકોની અવરજવર પર રજિસ્ટર મેઇન્ટેન કરવું
- **પ્રવાસની માહિતી ગુપ્ત રાખવી:** કેટલા દિવસ માટે બહાર જઈ રહ્યા છો તેની જાણ કામવાળી, દૂધવાળા કે અખબારના ફેરિયા જેવા લોકોને બિલકુલ ન કરવી.
- **સોશિયલ મીડિયા પર સાવધાની:** પરિવાર સાથે બહાર ગયા હોવ ત્યારે તુરંત લાઇવ લોકેશન કે મુસાફરીના ફોટો-વિડીયો સોશિયલ મીડિયા પર શેર કરવાનું ટાળવું
- **પોલીસ અને પાડોશીને જાણ:** લાંબા સમય માટે બહાર જતાં પહેલાં નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવી તેમજ વિશ્વાસુ પાડોશીને મકાન પર નજર રાખવા વિનંતી કરવી.
- **કીમતી સામાનની સુરક્ષા:** રોકડ રકમ, સોના-ચાંદીના દાગીના કે કીમતી દસ્તાવેજો ઘરમાં રાખવાને બદલે બેંક લોકરમાં મૂકો

સવિર્સના અભાવે ધૂળ ખાતા વલસાડ પોલીસના વાહનો



- વલસાડ સિટી પોલીસ સ્ટેશનમાં સરકારી વાહનો પૈકી કેટલાક વાહનો સર્વિસના અભાવે ખરાબ થઈ ચૂક્યા છે અને હાલ તે લાંબા સમયથી પોલીસ સ્ટેશનની બહાર પાર્ક કરી મૂક્યા છે અને ધૂળ ખાઈ રહ્યા છે. સરકારી વાહનોને સર્વિસ કરાવી ફરીથી ચાલુ કરવામાં આવે તો સમયાંતરે તેનો ઉપયોગ કરી શકાય તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

નવસારીમાં વહુના ત્રાસથી પરેશાન સાસુની હેલ્પલાઇનમાં ફરિયાદ

નવસારી ગ્રામ્ય વિસ્તારમાં સાસુ-વહુ વચ્ચેના વિવાદમાં ૧૮૧ અભયમ ટીમ દેવદૂત બની

નવસારી : નવસારી તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં સાસુ-વહુ વચ્ચેના પારિવારિક વિવાદમાં ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમે મધ્યસ્થી કરી સમાધાન કરાવ્યું હતું. વહુના કથિત માનસિક ત્રાસથી પરેશાન હોવાનો આક્ષેપ કરતી સાસુએ મદદ માગતાં અભયમની ટીમે પરિવારના સભ્યોનું કાઉન્સેલિંગ કર્યું હતું.

મળતી માહિતી મુજબ, સાસુએ ફરિયાદમાં જણાવ્યું હતું કે દીકરાનાં લગ્નજીવનનાં ૧૧ વર્ષ અને બે બાળકો હોવા છતાં ઘરમાં વારંવાર ઝઘડા થતા હતા. વહુ ગાળાગાળી કરતી હોવાની તેમજ પતિને નોકરી-ધંધે જવા દેવા અને પિયર જવા સંબંધિત બાબતોમાં વિવાદ કરતી હોવાની રજૂઆત કરવામાં આવી હતી.

ફરિયાદ મળતાં અભયમની ટીમે સાસુ, દીકરા અને વહુને સાથે બેસાડી તેમની વાત સાંભળી હતી. કાઉન્સેલિંગ દરમિયાન વહુને પરિવારના સભ્યો સાથે સન્માનપૂર્વક વર્તવા અને મતભેદોનું નિરાકરણ શાંતિપૂર્ણ વાતચીતથી લાવવા સમજાવવામાં આવ્યું હતું. બીજી તરફ, સાસુને પણ દીકરા-વહુના અંગત જીવનમાં બિનજરૂરી દખલગીરી ટાળવા માર્ગદર્શન અપાયું હતું.

ટીમે પરિવારને પરસ્પર સમજણ, સહમતી અને સન્માન જાળવવા તેમજ ઘરેલું હિંસા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે માહિતી આપી હતી. અંતે કાઉન્સેલિંગ બાદ પરિવારના સભ્યો વચ્ચે સમજૂતી સધાઈ હતી અને વિવાદનો સુખદ ઉકેલ આવ્યો હતો. આ રીતે ૧૮૧ અભયમની ટીમે પારિવારિક મતભેદો દૂર કરવા માટે પ્રયાસ કર્યો હતો.

નવસારીમાં માછી સમાજનો લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે વિશેષ પરિચય મેળો

નવસારી : શ્રી નવસારી માછી સમાજ દ્વારા સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે ૧ નવેમ્બર, રવિવારે 'હિન્દુ માછી સમાજ જીવનસાથી પરિચય મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. કૃષિ યુનિવર્સિટી, એરૂ ચાર રસ્તા સ્થિત સેન્ટ્રલ એક્ઝામિનેશન હોલ ખાતે સવારે ૯:૩૦ કલાકથી કાર્યક્રમનો પ્રારંભ થશે. મેળામાં સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ તેમજ પરિવારજનોને એકબીજાનો પરિચય મેળવવા અને લગ્નસંબંધિત બાબતો અંગે ચર્ચા કરવાની તક મળશે. લગ્નજીવનની શરૂઆત માટે યોગ્ય જીવનસાથીની પસંદગી મહત્વપૂર્ણ હોવાથી સામૂહિક આયોજનો પરિવારો માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો, કાર્યકરો અને વિવિધ પરિવારોની ઉપસ્થિતિ રહેવાની અપેક્ષા છે. આયોજનને સફળ બનાવવા આયોજક મંડળ દ્વારા વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે.

કન્ટેનર છોડાવવાના બહાને વેપારી સાથે ૪૧ લાખની ઠગાઈ

વલસાડના વેપારીને નવાશેવા પોર્ટ પર અટકાવેલા કન્ટેનર છોડાવવાની લાલચ આપી ઠગાઇ

વલસાડ : મુંબઈના નવાશેવા પોર્ટ પર કસ્ટમ્સના ડીઆરઆઈ (DRI) વિભાગ દ્વારા અટકાવવામાં આવેલા કન્ટેનરો કાયદેસર રીતે છોડાવી આપવાની લાલચ આપી વલસાડના એક વેપારી સાથે રૂપિયા ૪૧ લાખની છેતરપિંડીની ફરિયાદ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પોલીસે આ મામલે મહારાષ્ટ્રના ભાયંદરના બે અને ભાવનગરના એક મળી કુલ ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનાહિત કાવતરું રચી ઠગાઈ કરવાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, વલસાડના રામવાડી ખાતે રહેતા અને ચાઈનાથી ઘરવપરાશની ચીજવસ્તુઓ ઈમ્પોર્ટ કરવાનો વેપાર કરતા ૫૫ વર્ષીય આનંદભાઈ મહેન્દ્રભાઈ શાહના પ્લાસ્ટિક અને સ્ટીલના સામાન ભરેલા ત્રણ કન્ટેનરો નવાશેવા પોર્ટ પર બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) ના સ્ટેમ્પના અભાવે DRI વિભાગ દ્વારા હોલ્ડ કરવામાં આવ્યા હતા.

આ દરમિયાન મધ્યસ્થીઓ મારફતે તેમનો સંપર્ક મહારાષ્ટ્રના થાણે-ભાયંદર ખાતે રહેતા ચિંતન વસંતભાઈ શાહ અને કલ્પેશભાઈ શાહ સાથે થયો હતો. આરોપીઓએ DRI વિભાગમાં મોટી ઓળખાણ હોવાનો દાવો કરી કન્ટેનર છોડાવી આપવાની ખાતરી આપી વલસાડમાં મિટિંગ કરી હતી.

આ કાવતરામાં ભાવનગરના વરતેજના વિશ્વજીતસિંહ લખધીરસિંહ ગોહિલે પણ પોતે વ્યક્તિગત જવાબદારી લેતા હોવાનું જણાવી વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો.

કન્ટેનરો મુક્ત કરાવવા અને સરકારી પેનલ્ટી ભરવાના બહાને આરોપીઓએ આંગડિયા મારફતે ટુકડે-ટુકડે ૩૧.૫૦ લાખ તથા સ્ટેમ્પ ડ્યુટી પેટે ૯.૫૦ લાખ મેળવી કુલ ૪૧ લાખ પડાવી લીધા હતા.

લાંબો સમય વીતવા છતાં કન્ટેનરો ન છૂટતા વેપારીએ રૂપિયા પરત માંગ્યા હતા. આરોપીઓએ પૈસા ચૂકવી દીધા હોવાના બેંક ડિપોઝિટના બનાવટી ફોટા અને ખોટા મેસેજ મોકલી ગેરમાર્ગે દોર્યા હતા. એટલું જ નહીં, આરોપીઓએ આપેલા ચેક પણ બેંકમાંથી 'એકાઉન્ટ બ્લોક' હોવાના શેરા સાથે રિટર્ન થયા હતા અને ત્યારબાદ આરોપીઓએ સંપર્ક તોડી નાખ્યો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ભોગ બનનાર વેપારીએ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં ચિંતન શાહ, કલ્પેશ શાહ અને વિશ્વજીતસિંહ ગોહિલ સામે ગુનો નોંધાવ્યો છે. આ મામલે પીએસઆઈ અનિરુદ્ધસિંહ ગોહિલે વધુ તપાસ હાથ ધરી છે.



ગિરીશ ભોયે

ડાંગ જિલ્લામાં યોજાઈ ભવ્ય 'રન ફોર યુનિટી' દોડ

સાપુતારા : ડાંગ જિલ્લામાં સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે ડાંગ જિલ્લા પોલીસ દ્વારા "રન ફોર યુનિટી" દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૦૭:૦૦ વાગ્યે દોડના પ્રારંભ પૂર્વે દેશમાં એકતા, અખંડિતતા અને સુરક્ષાની ભાવના વધુ મજબૂત બનાવવા માટે "રાષ્ટ્રીય એકતા દિવસ શપથ" લેવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રભારી મંત્રી જયરામ ગામીત, ડાંગ જિલ્લા પ્રમુખ રાજેશ ગામીત, પ્રભારી સચિવ મહેશ પટેલ તેમજ કલેક્ટર એન.ડી. પરમાર, જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, પોલીસ અધિક્ષક પૂજા યાદવ, ડી.સી.એફ. નિરજકુમાર અને મુરાલીલાલ મીણા ઉપસ્થિત રહ્યા હતા.

પારડીમાં સફાઈ અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરાયો

પારડી : પારડી પાલિકા દ્વારા આગામી દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને શહેરમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પાલિકા પ્રમુખ ચેતન નાયકા અને ચીફ ઓફિસર કોમલબેનના માર્ગદર્શન હેઠળ જંતુનાશક દવાઓનો છંટકાવ પણ કરાવ્યો છે. આરોગ્ય ચેરમેન કિરણ પટેલ, સેનેટરી ઇન્સ્પેક્ટર મેહુલ પરમાર તેમજ સુપરવાઇઝર પંકજ ગરણીયાની સફાઈ કર્મચારીઓની ટીમ સાથે જેસીબી, ટ્રેક્ટર અને ટેમ્પો જેવા સાધનોનો ઉપયોગ કરી સફાઈ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. શહેરમાં રોગચાળો ફેલાય નહીં અને નાગરિકો સ્વચ્છ વાતાવરણમાં તહેવાર ઉજવી શકે તે માટે સફાઈની સાથેસાથે જુદા-જુદા વિસ્તારોમાં જંતુનાશક દવાઓ અને પાવડરનો છંટકાવ પણ ખાસ કરાવવામાં આવ્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

સરદાર પટેલની જન્મજયંતીએ નવસારીમાં એકતાનો સંદેશ ગુંજ્યો



નવસારી: સરદાર પટેલની જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે નવસારી તંત્ર અને જિલ્લા પોલીસ દ્વારા 'રન ફોર યુનિટી' માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રાકેશ દેસાઈ અને જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી બતાવી એકતા દોડને પ્રસ્થાન કરાવ્યું હતું. સર્કિટ હાઉસથી શરૂ થયેલી માર્ચ બાબા આંબેડકર પ્રતિમા અને ચારપુલ પોલીસ ચોકી થઈ શહીદ ચોક ખાતે સંપન્ન થઈ હતી. એકતાના સૂત્રોથી સમગ્ર માર્ગ ગુંજી ઊઠ્યો હતો. આ પ્રસંગે સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જાળવવાના સામૂહિક શપથ લેવાયા હતા. કાર્યક્રમમાં મહાનગરપાલિકા કમિશનર જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, પૂર્વ ધારાસભ્ય પિયુષભાઈ દેસાઈ, ભુરાભાઈ શાહ સહિતનાએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલમાં મેરેથોન અને આરોગ્ય કેમ્પ યોજાયો



વાપી : સમર્પણ જ્ઞાન સ્કૂલ અને લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીનીના સંયુક્ત ઉપક્રમે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વાપીનાં મેયર દક્ષાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. સાથે 'Run for Unity' મેરેથોન, બાળકો માટે એન્ટરપ્રેન્યોરશિપ પ્રવૃત્તિ તથા સમર્પણ જ્ઞાન સ્કૂલના ન્યૂઝલેટરનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમર્પણ જ્ઞાન સ્કૂલના ટ્રસ્ટી તથા લાયન્સ ઇન્ટરનેશનલના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન મુકેશ પટેલ, ચેરપર્સન લાયન હિના પટેલ, પ્રિન્સિપાલ પાર્વતી પિઠાની, તરંગીનીનાં પ્રમુખ લાયન તન્વી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. નિરાલી હોસ્પિટલની ડોક્ટર પ્રિયાંશી પટેલ, હાર્દિક રાઠોડ અને ડોક્ટર્સ ટીમનું સન્માન કરાયું હતું.

રવિ પુષ્ય નક્ષત્રના શુભ અવસરે... શુભ અને શુકનવંતી ખરીદી માટે
આર.એ.પરીખ જ્વેલર્સ, બીલીમોરા ખાતે અચૂક પધારો!
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%*
R.A. Parikh Jewellers NX
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
ચીખલી – બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181